# સીઆઈએસએફનો સબ ઈન્સ્પેક્ટર સે-૧ ૩માંથી દારૂની બોટલો સાથે ઝડપાયો

## હનુમાન કેમ્પની કેન્ટીનમાંથી લીધેલી ડિફેન્સના દારૂની ૧૦ બોટલ સાથે સબ ઇન્સ્પેક્ટર ગાંધીનગરમાં વેપલો કરવા આવ્યો હતો : ૨૫ હજારના મુદ્દામાલ સાથે સબ ઈન્સ્પેક્ટરની ધરપકડ

ગાંધીનગર, તા.૨૮ સીઆઈએસએફ અમદાવાદ ખાતે ફરજ બજાવતો સબ ઈન્સ્પેક્ટર અમદાવાદની ડિફેન્સની કેન્ટીનમાંથી દારૂની બોટલ આવીને ગાંધીનગરમાં વેપલો કરતો હોવાની બાતમીને આધારે સે-૭ પોલીસની ટીમે વોચ ગોઠવીને સે-૧૩ના બગીચા પાસેથી આ સબ ઈન્સ્પેક્ટરને દારૂની ૧૦ બોટલ સાથે પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે બાઈક તથા દારૂની બોટલ સહિત ૨૫ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને સબ ઈન્સ્પેક્ટર સામે ગુનો દાખલ કરીને તેની ધરપકડ કરી લીધી હતી.



સેક્ટર-૭ પોલીસ મથકની ડિસ્ટાફની ટીમ ગઈકાલે પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન કોન્સ્ટેબલ મહાવીરસિંહને બાતમી મળી હતી કે અમદાવાદના નવા નરોડા ખાતે કામેશ્વર પાર્કમાં રહેતો શાંતિલાલ થાવરાભાઈ પટેલ નામનો શખ્સ અમદાવાદથી ગાંધીનગર શહેરના સેક્ટર-૧૨ અને ૧૩ વિસ્તારમાં અવાર-નવાર દારૂ વેચવા માટે આવે છે. ગઈકાલે બપોરે પણ આ શખ્સ તેનુ બાઈક નંબર જીજે ૧૮ ઈ.એમ ૮૦૪૪ લઈને સેક્ટર-૧૩ માં બગીચા પાસે દારૂ વેચવા આવેલો છે. આ બાતમીના આધારે બગીચા પાસે વોચ ગોઠવીને સેક્ટર-૭ પોલીસની ટીમે ગઈકાલે બપોરે શાંતિલાલ પટેલને બે થેલા સાથે પકડી પાડ્યો હતો. પોલીસે થેલામાં તપાસ કરતા અંદરથી અલગ અલગ બ્રાન્ડની પાંચ વોડકા, ચાર વ્હિસ્કી અને એક બ્રાન્ડીની બોટલ મળી કુલ ૧૦ બોટલ મળી આવી હતી. દારૂની બોટલો સાથે શાંતિલાલ પટેલની ધરપકડ કરી તેની પૂછપરછ કરતાં બહાર આવ્યું છે કે તે રિટાયર્ડ આર્મી મેન છે અને હાલમાં તે સીઆઈએસએફ ખાતે સબ ઈન્સ્પેક્ટર તરીકે નોકરી કરે છે. તેની પાસેથી પકડાયેલા તમામ દારૂની બોટલોમાં 'ફોર સેલ ઈન ડિફેન્સ સર્વિસ ઓન્લી' લખેલું હતું. દારૂની બોટલ ક્યાંથી લાવ્યો તે અંગે તપાસ કરતાં તેણે નિવેદન આપ્યું હતું કે અમદાવાદ હનુમાન કેમ્પ ખાતે ડિફેન્સની કેન્ટીનમાંથી તે દારૂની બોટલ લાવ્યો હતો. સબ ઈન્સ્પેક્ટર પાસે ચાર બોટલ રાખવાની લિકર પરમિટ છે તો તેની પાસે ૧૦ બોટલ કોના કોટામાંથી આવી તે પણ તપાસનો વિષય છે. સબ ઈન્સ્પેક્ટરની ધરપકડ કરીને પોલીસે તેનું બાઈક, મોબાઈલ અને દારૂની બોટલો મળી કુલ રૂ.૨૫,૫૪૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ઝીણવટભરી તપાસ શરૂ કરી છે.

### લેકાવાડા પાટીયાથી દારૂ-બિયર લઈને જતો કારચાલક પકડાયો



ચિલોડા પોલીસે ગઈ કાલે બાતમીને આધારે લેકાવાડા પાટીયા નજીક વોચ ગોઠવીને પાલજ તરફ જતા રોડ પરથી એક કાર પકડી પાડી હતી જેમાંથી દારૂ-બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે ઈયોન કાર નંબર જીજે ૧૮ બીઈ ૬૫૧૫માં વિદેશી દારૂની બે બોટલ અને બીયરના ૫ ટીન લઈ જતા યુવકને ઝડપી પાડ્યો હતો. ચિલોડા પોલીસે રૂ.૨૭૭૫ કિંમતનો દારૂ-બિયર, ૫ હજારની કિંમતનો મોબાઈલ અને ૧ લાખની કિંમતની કાર મળી કુલ ૧,૦૭,૭૭૫ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી પાલજના શખ્સ સુરેશ પ્રવિણ વાઘેલાની ધરપકડ કરી લીધી છે અને માલ ક્યાથી લાવ્યો તે સહિતની સઘન પુછતાછ આરંભી છે.

પેથાપુર પોલીસે ગઈ રાત્રે કરિયાણાની દુકાનમાં દરોડો પાડીને દુકાનમાં થતા દારૂનુ વેચાણ ઝડપી પાડ્યુ છે. પોલીસે પેથાપુરમા મહાકાળી માતાના મંદિર જવાના રસ્તા પર આવેલી જય માતાજી કિરાણાની દુકાનમાંથી વિદેશી દારૂની બે બોટલ પકડી પાડી છે. પેથાપુર પોલીસની ટીમે બાતમીને આધારે કરિયાણાની દુકાન ધરાવતા સંજયસિંહ નટવરસિંહ ચાવડાને વિદેશી દારૂની બે બોટલ સાથે પકડી પાડ્યો છે. દુકાનમાંથી એક પ્લાસ્ટિકની થેલીમાં રાખેલી વિદેશી દારૂની બે બોટલ મળી આવી હતી. પોલીસે ૮૦૦ રૂપિયાની કિંમતની દારૂની બે બોટલ કબ્જે કરી આરોપી સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. દારૂ અંગે પુછતાં સંજયસિંહ ચાવડાએ રાજસ્થાન ફરવા ગયો હતો ત્યાંથી દારૂ લાવ્યો હોવાની કેફિયત આપી હતી.



### બ્રેથ એનેલાઈઝર લઈને ઉભેલી પોલીસના હાથે ચિલોડા સર્કલેથી એક પીધેલો ઝડપાયો

થર્ટી ફસ્ટને પગલે રાજ્યભરમાં પ્રોહીબિશન ડ્રાઈવ ચાલી રહી છે ત્યારે ગાંધીનગર જીલ્લાની ચિલોડા પોલીસે ચિલોડા સર્કલે બ્રેથ એનેલાઈઝર સાથે ગઈ મોડી સાંજે ડ્રાઈવ શરુ કરી હતી. દરમિયાન શિહોલી મોટી ગામે ત્રિરંગા ફાર્મ હાઉસની બાજુમાં રહેતા કિંજલભાઈ ઉર્ફે પીન્ટુ બાબુભાઈ પટેલને પીધેલી હાલતમાં ઝડપી લીધો હતો. પોલીસે આ પીધેલા યુવાન સામે પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધીને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ગાડીમાં પોલીસ લખેલા પાટીયા મારીને કરાતી દારૂની હેરાફેરી ઝડપાઈ

## પેથાપુર પોલીસે કોલવડા રોડ પરથી દારૂની બોટલો ભરેલી ગાડી સાથે બે ને પકડયા

જીલ્લા પોલીસ અધિક્ષકની સુચનાથી થર્ટી ફસ્ટને પગલે પ્રોહીબિશનની ડ્રાઈવ સઘન બનાવવામા આવી છે ત્યારે પેથાપુર પીએસઆઈ એ. જી. એનુરકાર પોતાની ટીમ સાથે ગઈ રાત્રે પેટ્રોલિંગમાં હતા દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ જયેન્દ્રસિંહને બાતમી મળી હતી કે આદરજ-કોલવડા રોડ પરથી પોલીસ લખેલી નંબર વગરની કારમાં દારૂની હેરફેર થવાની છે. જેના આધારે પેથાપુર પોલીસની ટીમે વોચ ગોઠવીને કોર્ડન કરી આ કાર ઉભી રખાવી હતી. કારમાં બેઠેલા રોહન ઉર્ફે મોન્ટુ ભરતભાઈ વાળંદ (રહે-બોરીજ, ખાંટવાસ) અને જયપાલસિંહ મહેન્દ્રસિંહ ચાવડા (રહે- સેક્ટર-૨૬, કિશાનનગર, મુળ-વેડા કલોલ) ને પકડીને પોલીસે કારની તપાસ કરતાં તેમાંથી ૩૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે ૧૬,૩૦૦ની કિંમતનો દારૂ, ૫૦૦ રૂપિયાની કિંમતનો



મોબાઈલ અને દોઢ લાખની કિંમતની કાર મળી કુલ ૧,૬૬,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે બંને સામે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. બંનેની પ્રાથમિક પુછપરછમાં બહાર આવ્યુ છે કે તેમના પરિવારમાંથી પણ કોઈ પોલીસમાં ન હોવા છતાં ગાડીમા પોલીસનુ પાટીયુ લગાવીને ફરતાં હતા અને તેમા દારૂની હેરાફેરી કરતા હતા. કાર પર પોલીસ લખાવાની સાથે તેઓ કારમાં પોલીસની લાઠી પણ રાખતા હતા.

# શહેરની સિવિલમાં વાહન ઉઠાંતરીના બનાવો યથાવત

ગાંધીનગર, તા.૨૮ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છાશવારે વાહનચોરીના બનાવો બને છે. આડેધડ વાહનો પાર્ક થતા હોવાથી ચોર ઈસમોને વાહન ચોરવા માટે મોકળું મેદાન મળી ગયું છે. વાહન ચોરી માટે સિવિલ કેમ્પસ સોફટ ટાર્ગેટ બની ગયું છે. સિવિલ કેમ્પસમાં ૧૦૦ સીસીટીવી કેમેરા હોવા છતા વાહનચોર હજુ સુધી પકડાયો નથી તે પણ વાત નવાઈની છે. ત્યારે એક પછી એક વાહન ચોરી કરીને વાહન ચોરી કરનાર તસ્કરો પોલીસને પડકાર ફેંકતા હોય તેમ લાગી રહ્યું છે. સિવિલ કેમ્પસમાંથી મેડીકલ કોલેજ પાસેથી તાજેતરમાં બે વાહન ચોરીના બનાવો બનવા પામ્યા છે. ત્યારે સિવિલ કેમ્પસની સાથે સાથે સેકટરોમાં પણ વાહનચોર સક્રિય બન્યા હોય તેમ લાગી રહ્યું છે. જયારે તાજેતરમાં સેકટર-૮ માંથી પણ મોંઘુદાટ યામાહા કંપનીનું બાઈક રાત્રીના સમયે ચોર ઈસમો ઉઠાવી ગયા છે. ત્યારે પોલીસ તંત્રએ આ વાહનચોરી કરનાર શખ્સોને શોધીને જેલ હવાલે કરવા જોઈએ તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



ગાંધીનગર શહેરમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરી, ઘરફોડ, લુંટ, સહિતના ગુનાઓ વધી જવા પામ્યા છે. અસામાજીક તત્વોને પોલીસનો જાણે ડર રહ્યો ન હોય તેમ લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલ કેમ્પસ વાહનચોરી માટે સોફટ ટાર્ગેટ ચોર ઈસમો માટે બની રહ્યું છે. સિવિલ કેમ્પસમાંથી આંતરે દિવસે વાહન ચોરીના બનાવો બની રહ્યા છે. પોલીસની નજર સિવિલ કેમ્પસમાં હોવા છતા તસ્કરો કળા કરી જાય છે. આડેધડ થતા વાહન પાર્કીંગને લઈ બાઈક ચોરીની આ સમસ્યા વધુ વિકરાળ બની છે. પરંતુ આ વખતે ચોર સિવિલના સીસીટીવી કેમેરામાં નજરે પડ્યો છે તેવું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે સિવિલમાં ૧૦૦ સીસીટીવી ની બાજ નજર વચ્ચે પણ બાઈકચોર સરળતાથી નીકળી જાય છે. ત્યારે તાજેતરમાં મેડીકલ કોલેજ પાસે સવારે ૧૧ વાગ્યાના અરસામાં પાર્ક કરેલું બાઈક માત્ર ગણતરીની મિનીટોમાં ચોરી થઈ ગયું છે. તેના પહેલા પણ એક બાઈકની ઉઠાંતરી થઈ હતી. ત્યારે સિવિલ કેમ્પસની સાથે સેકટરોમાં પણ બાઈકચોર સક્રિય થયા છે. તાજેતરમાં સે-૮ જી-૧ સરકારી રહેણાંક વિસ્તારમાંથી રાત્રે ઘર આગળ પાર્ક કરેલુ બાઈક રાત્રીના ૧૨ થી ૫ ના સમયગાળા દરમિયાન કોઈ ઉઠાંતરી કરી ગયું છે. મોંઘુદાટ બાઈક ચોર થઈ જતા બાઈક માલિકે સે-૭ માં ફરિયાદ પણ નોંધાઈ છે. ત્યારે હવે પોલીસ બાઈક ચોરોને પકડી શકે છે કે નહી તે જોવું રહ્યું.






### સે-૨૯ સરકારી દવાખાનામાં ટીબી અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર જિલ્લાના દહેગામ સામુહિક આરોગ્ય કેન્દ્ર અને શહેરી વિસ્તારના સેકટર-૨૯ સરકારી દવાખાના ખાતે તાજેતરમાં ટીબી અંગેનો જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા ટીબીની જાગૃતિ અંગેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા હતા. જયારે સેકટર-૨૯ ખાતે નિદાન કેમ્પમાં આવતા તમામ નાગરીકોને ટીબીના રોગના લક્ષણો નિદાન સારવાર અંગેની સમજ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દરમિયાન ટીબી અંગેના દહેગામમાંથી ૪ શંકાસ્પદ કેસમાંથી એક પોઝીટીવ કેસ મળી આવ્યો હતો. જયારે સે-૨૯ માંથી ૨ કેસ શંકાસ્પદ જોવા મળ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ક્ષય કેન્દ્રમાંથી કેયુર જયસ્વાલ, ચેતન ચૌહાણ,તૃષ્ણા પટેલ, નિતિન પટેલ તેમજ દહેગામ ખાતે ચેતન ઠાકોર અને સામુહીક આરોગ્ય કેન્દ્રના કર્મચારીઓએ હાજરી આપી હતી. આ ઉપરાંત સમગ્ર સેકટર-૨૯ સરકારી દવાખાનાના સ્ટાફના કર્મચારીઓ હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડાયાબીટીસ, આંખની તપાસ પણ કરવામાં આવી હતી.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમે અમારી દેવા માફીનું વિચારતા હોય તો, અમે પણ તમારા પંદર લાખવાળી વાતની માફી આપી દઈએ...!!

### રાજ્યકક્ષાની દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધામાં લીંબોદરા સ્કૂલનો સંજય દત્ત ઝળક્યો

રાજ્યકક્ષાની દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધા નડિયાદ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં પી.પી.આર. હાઈસ્કૂલ લીંબોદરાના વિદ્યાર્થી સંજય પોપટભાઈ દત્ત, ચક્રફેંક સ્પર્ધામાં સમગ્ર રાજ્યમાં બીજી સ્થાન પ્રાપ્ત કરી શાળા તેમજ જિલ્લાનું ગૌરવ વધાર્યુ હતુ. તેમજ સંજય દત્તને શાળાના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે તાલીમ આપી હતી. શાળાના આચાર્ય તેજસિંહ પરમારે અભિનંદન પાઠવ્યા હતા.

# સેક્ટર-૨૧ હાઉસીંગ બોર્ડના મકાનોમાં ઉભરાતી ગટરોથી વસાહતીઓ ત્રાહીમામ

ગાંધીનગર, તા.૨૮ ગાંધીનગર શહેરમાં કેટલાક સેકટરોમાં ગટરો ઉભરાતી હોવાના કિસ્સા રોજ સામે આવે છે. જુના સેકટરોમાં ગટર લાઈન જુની થઈ ગઈ છે. તેમજ સમયાંતરે ગટરોનું સમારકામ થતુ ન હોવાથી ઉભરાવવા લાગી છે. ત્યારે સેકટર-૨૧ ગુજરાત હાઉસીગ બોર્ડના રહેણાંક મકાનોમાં છેલ્લા કેટલાક દિવસથી ગટરો ઉભરાતી હોવાથી સ્થાનિક વસાહતીઓ હેરાન પરેશાન થઈ ગયા છે. ગટર ઉભરાતી હોવાની ફરિયાદ અનેકવાર વસાહતીઓ દ્વારા કરવામાં આવી છે તેમ છતા આજદિન સુધી કોઈ નિવેડો આવ્યો નથી.

રાજયના પાટનગરના નિર્માણ સમયે ભુગર્ભ ગટર લાઈન નાંખવામાં આવી હતી. શહેરને પાંચ દાયકાનો સમય વિતી ગયો હોવાથી ગટરો ઉભરાતી હોવાના કિસ્સા સામે આવી રહ્યા છે. તંત્ર દ્વારા ગટરોની યોગ્ય જાળવણી થતી ન હોવાથી ગટરો બિસ્માર હાલતમાં થઈ ગઈ છે. જેને પગલે શહેરના કેટલાક સ્થળો પર ગટર ઉભરાતી હોવાની ફરિયાદો સામે આવે છે. ત્યારે સેકટર-૨૧માં પણ છેલ્લા કેટલાક દિવસથી ગટર બેક મારતા દુર્ગંધ યુકત પાણી માર્ગ પર ફરી વળતા ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. ગટરના ગંદા પાણીની દુર્ગંધથી નાગરીકોને રહેવું પણ મુશ્કેલ બન્યું છે. સોસાયટીમાંથી પસાર થતી સમયે નાક પર રૂમાલ રાખવો ફરજીયાત બની ગયો છે. ગટરના દુર્ગંધયુકત પાણીને પગલે મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે જેથી આ વિસ્તારમાં રોગચાળો ફેલાય તેવી દહેશત છે. સ્થાનિક રહીશો દ્વારા ગટર વિભાગના તંત્રને અનેકવાર લેખિત તેમજ મૌખિક ફરિયાદો કરવામાં આવી છતા યોગ્ય સમારકામ થતુ ન હોવાની વાત વસાહતીઓ જણાવી રહ્યા છે. થોડા સમય માટે ગટર ઉભરાતી બંધ થઈ જાય છે અને ગણયાં ગાંઠ્યા દિવસોમાં ફરીવાર ગટરનો પ્રશ્ન નાગરીકો ને સતાવે છે. ત્યારે સત્વરે આ પ્રશ્નનું નિરાકરણ આવે તેમ નાગરીકો ઈચ્છી રહ્યા છે.




ભારતીબાપુની વ્યાસપીઠે તલોદ ખાતે ચાલી રહેલ શિવકથા-સમસ્ત ક્રિષ્ન મંડળ, સિનિયર સિટિજન મંડળ, લાયન્સ ક્લબ, મહેશ્વરી ભજન મંડળ, પંચવટિ ભજન મંડળ, કચ્છી ભજન મંડળ તથા મોટી સંખ્યામાં ભક્તો કથાનો લાભ લઈ રહ્યાં છે.

### પવિત્ર યાત્રાધામ બોર્ડના કથિત ગેરરીતિઓની તપાસના હુકમ

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ એક મહત્વપૂર્ણ નિર્ણય લઈને ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના તત્કાલિન સચિવ અનિલ પટેલે રાજ્યના યાત્રાધામો પાવાગઢ, રામેશ્વર, બહુચરાજી અને શબરીધામ તથા દ્વારકાના પ્રોજેકટમાં ગેરરીતિ કૌભાંડ થયુંહોવા અંગે એક ખાનગી વ્યકિત સાથે ટેલિફોનિક વાતચીતમાં કરેલા આક્ષેપોની ટ્રાન્સસ્ક્રીપ્ટ અને તે સંદર્ભે તે વ્યકિત દ્વારા એસીબીને કરવામાં આવેલી સીધી અરજીની વિગતો ધ્યાને લેતાં આક્ષેપોની ફરિયાદનો સંદર્ભ તકેદારી આયુકત વિજીલન્સ કમિશનરને કરીને તલસ્પર્શી તપાસ રાજ્યના વિજીલન્સ કમિશનરને સોંપવાનો નિર્ણય કર્યો છે.

વિજીલન્સ કમિશનરને આ બાબતનો પ્રાથમિક તપાસ અહેવાલ સત્વરે રજૂ કરવાની સૂચના આપતાં એમ પણ સૂચવ્યું છે કે આ સમગ્ર આક્ષેપોમાં જો સત્યતા જણાય અને ગેરરીતિ થયાનું જણાય તો ત્વરાએ સંબંધિત કસૂરવારો સામે શિક્ષાત્મક પગલાં ભરવામાં આવે.

અનિલ પટેલે સરકારી અધિકારીને ન છાજે તેવું વર્તન કરીને ગુજરાત રાજય સેવા વર્તણૂંક નિયમો ૧૯૭૧ના નિયમ-૯ 'સરકારની ટીકા'ના નિયમ અન્વયે ''કેન્દ્ર અથવા રાજય સરકારની કોઈપણ પ્રવર્તમાન કે તાજેતરની નીતિ અથવા પગલાંની પ્રતિકૂળ ટીકારૂપ નીવડનારી કોઈ હકીકત કે મંતવ્ય અંગે કોઈ નિવેદન કરી શકે નહિ'' તેનો ભંગ કર્યો છે.

# જીપીસીબી દ્વારા સિવિલમાં બાયો મેડીકલ વેસ્ટ અંગે ટ્રેનીંગ યોજાઈ

ગાંધીનગર,તા.૨૮ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં બાયોમેડીકલ વેસ્ટના નિકાલને લઈ અનેકવાર ગંભીર સમસ્યાઓ સામે આવી છે. બાયો મેડીકલ વેસ્ટમાં ગ્લુકોઝની બોટલો તેમજ નીડલો કટીંગ કર્યા વિના મળી આવે છે. ત્યારે બાયો મેડીકલ વેસ્ટનો યોગ્ય નિકાલ કેવી રીતે કરવો તેની સમજ આપવા બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન આજરોજ ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે ટ્રેનીંગ યોજાઈ હતી. જેમાં હોસ્પિટલના અધિકારી-કર્મચારીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા આજરોજ સિવિલના ઓપીડી બિલ્ડીંગના ચોથા માળે આવેલ કોન્ફરન્સ હોલ ખાતે બાયો મેડીકલ વેસ્ટની ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટ્રેનીંગમાં સ્ટાફ નર્સ, કલાર્ક, માઈક્રો



બાયોલોજીના અધિકારી-કર્મચારી, એસઆઈ સહિત વર્ગ-૪ ના કર્મચારીઓને બાયોમેડીકલ વેસ્ટનો નિકાલ કેવી રીતે કરવો અને તેના નિયમો વિશે સવિસ્તાર માહિતી આપી હતી. જેમાં સિવિલના દરેક વોર્ડ અને વિભાગોમાં કલર કોર્ડ પ્રમાણે બાયો મેડીકલ વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવાનો હોય છે. જેમાં ગ્રીન, રેડ અને યલો કલરના ડ્રમ મુકવામાં આવ્યા છે તેમાં કલરકોડ પ્રમાણે બાયો મેડીકલ વેસ્ટના કચરાનો નિકાલ કરવાનો હોય છે. કયો કચરો કયા ડ્રમમાં ફેંકવો તેની પણ સમજણ કર્મચારીઓને આપવામાં આવી હતી. પરંતુ ઘણીવાર ઉતાવળમાં નીડલ કે ગ્લુકોઝની બોટલ કટીંગ કર્યા વિના જ પધરાવી દેવામાં આવતી હોવાની ફરિયાદો ઉઠી હતી. બાયો મેડીકલ વેસ્ટ પર્યાવરણ અને માનવી માટે ઝોખમી હોવાથી તેનો યોગ્ય રીતે નિકાલ કરવો જરુરી છે. જયારે બાયો મેડીકલ વેસ્ટને લઈ સરકાર દ્વારા કાયદા પણ કડક બનાવી દીધા છે. જીપીસીબીના અધિકારીઓએ બાયોમેડીકલ વેસ્ટને લઈ વિવિધ નિયમો અને કાયદાની પણ સમજણ આપી હતી. જેને પગલે સિવિલના બાયો મેડીકલ વેસ્ટનો તંત્રની ગાઈડલાઈન મુજબ યોગ્ય નિકાલ થાય તે માટે તકેદારી રાખવી અત્યંત જરુરી બન્યું છે.